BUSINESS મિત્ર Plus

# ઈરાન-અમેરિકા પીસ ડીલ પર શેરબજારો-ક્રુડની દશા અને દીશા નિર્ભર

અમેરિકા અને ઈરાન વચ્ચેનું વચગાળાનું પિસડીલ ઘોંચમાં પડતા શેરબજારનો સુધારો અટકયો છે. સોનાચાંદીમાં નવેસરની નરમાઈ આવી છે. આજે રવિવારે અમેરિકા-ઈરાન અને અન્ય દેશોના વિષ્ટીકારો સ્વિટઝરલેન્ડમાં મળશે.

બજાર હાલ પુરતું ગલ્ફ વોર પ્રિમિયમ ડિસ્કાઉન્ટ કરી રહ્યું છે. બજાર હવે પીસ ડિવિડન્ડની શોધમાં છે. એઆઈ-સેમિકંડકટર- મેમરી ચિપ્સની સ્ફોટક તેજીને કારણે કોરિયા-જાપાન-તાઈવાન જેવા ટેકહેવી બજારોમાં લાલચોળ તેજી છે. ભારતમાં આઈટી શેરો ગ્લોબલ ટેક શેરોની તુલનામાં ઘણા પાછળ રહી ગયા છે. જો કે માઈક્રોકેપ શેરોમાં તેજીનું શાનદાર કમબેક દેખાયું છે. ચીનમાં સ્ટીલ ઉત્પાદનમાં પીક બની ગયાના આસાર વચ્ચે ભારતે ૨૦૪૭ સુધીમાં ૫૦૦ મિલિયન ટન સ્ટિલ ઉત્પાદનનો મહાત્વાકાંક્ષી લક્ષાંક રાખ્યો હોઈ તેમજ સરકારે ઈન્ફ્રા,પાવર, સ્ટિલ, ડિફેન્સ, પોર્ટ, એનર્જી, હાઈડ્રોજન જેવા અનેક ક્ષેત્રે મેક ઈન્ડિયા લક્ષી પ્રાયોરીટી ફોકસ એરિયા હોઈ ઈન્ફ્રા-સ્ટિલ હેવી ઈન્ડસ્ટ્રિઝ- પાવર વગેરે સેકટરમાં વેલ્યુ બાઈંગ દેખાય છે.

### અલ નીનોની ચિંતાએ સ્થાનીક એગ્રીકોમોડિટીઝમાં તેજીનો ચમકારો

ગત સપ્તાહે રિલાયન્સ જૂથની ફલેગશિપ કંપની જીઓ પ્લેટફોર્મસના અંદાજે ૪ અબજ ડોલરના આઈપીઓ માટે ડ્રાફટ પ્રપોસલ ફાઈલ થઈ. અંદાજે ૪ અબજ ડોલરના આઈપીઓમાંથી મળનાર ભંડોળનો અંદાજે ત્રણેક અબજ ડોલર અને બાકી અન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવાય એવા અહેવાલો છે. ફલોટ અંદાજે ૨.૫ ટકા ઈકવીટીનું છે. અગાઉ ૧૭ જૂને એનએસઈએ અંદાજે ૩૦૦૦૦ કરોડના આઈપીઓ માટે પ્રોસેપેકટસ




ફાઈલ કર્યું છે. એનએસઈનું ઈકવીટી ફલોટ ૬ ટકા છે. આ બેઉ મેગા આઈપીઓને રિટેલથી માંડી સંસ્થાકીય કે વિદેશી રોકાણકારોને કેવો રિસ્પોન્સ મળે છે એના પર વિશ્લેષકોની નજર છે.

ઘરઆંગણે ચોમાસામાં વિલંબ અને હોરમુઝ મામલે કતલાદી સમજૂતી મોંઘવારીના મામલે પડકાર બની શકે એમ છે. ચોમાસુ સક્રિય થાય અને હોરમુઝમાં પણ સમાધાન થઈ ઓઈલ-ખાતર-કેમિકલ્સ ફલો પૂર્વવત થઈ જાયતો રૂપિયો અને શેરબજારમાં સંજોગો સુધરે. બોન્ડબજારોમાં સરકારે પ્રોત્સાહન આપ્યા પછી વિદેશી રોકાણ આવવા લાગ્યું વધ્યું છે. એફસીએનઆર ડિપોઝિટમાં પણ નોંધપાત્ર ફોરેકસ ઈન્ફલો આવી શકે. આ સંજોગોમાં જો ઈરાનવોરમાં સમાધાન થાય, ચોમાસુ સક્રિય થાય તો શેરબજારમાં સોલિડ રિબાઉન્ડ આવી શકે. નિફટી અંદાજે ૨૨૭૦૦-૮૦૦ આસપાસ બોટમઆઉટ થયો છે. લોકલ અને ગ્લોબલ ટ્રિગર સાનુકૂળ રહે તો સપ્ટે-ઓકટોબરમાં નિફટી ૨૪૪૦૦-૫૦૦ આવી શકે છે. શોર્ટ એન્ડ બોન્ડમાં જોરદાર તેજી છે એ જોતા રિઝર્વ બેન્ક બજારમાંથી લિકવીડીટી થોડી ઓછી કરી શકે છે. રૂપિયામાં વચગાળાનો ટ્રેન્ડ તેજીનો છે. ૯૬.૯૬ના બોટમથી સુધરી રૂપિયો ૯૪.૩૨ સુધી આવ્યો છે. વચગાલાનું બોટમ બની ગયું છે. ડોલરરૂપિમાં હાલ ૯૫.૪૦-૬૦ રેઝિસટન્સનું કામ કરશે. ૯૪.૧૦-૯૩.૯૦ તૂટતા અગળ પર ૯૩.૩૦-૫૦ અને વૈશ્વિક તનાવ ઘટે- ઓઈલ ૭૦ ડોલર નીચે જાય તો રૂપિયો ૯૨.૨૦-૯૨.૫૦

**બિરેન વકીલ**

સુધી પણ આવી શકે.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો બુધવારે નવા ફેડ ચેરમેન કેવિન વોર્શની બેઠક ધારણા કરતા વધુ હોકીશ રહી.

વોર્શે કહ્યું કે મોંઘવારી-ફુગાવો બે ટકા સુધી લાવવા ફેડ પ્રતિબધ્ધ છે. પ્રાઈસ સ્ટેબીલીટી કે ફુગાવા મામલે એમમે એકની એક વાત બે-ત્રણ વાર રીપીટ કરી પણ ફેડ માટે ફુગાવા જેટલો જમહત્વનો મેન્ડેટ મહતમ રોજગારી સર્જન છે, જોબ્સ મામલે વાર્શાનું અંડરપ્લે દેખાયું. ગ્લોબલ ફંડ મેનેજર્સની નજર ગુરુવારે કોર પીસીઈ ઈન્ડેકસ- ફુગાવાના બેન્ચમાર્ક પર છે. તાજેતરમાં જાપાન, ઈસીબી, ઈન્ડોનેશિયા સહીત અનેક બેન્કોએ વ્યાજદર વધાર્યા છે. ફેડ પણ જૂન કે સપ્ટેમ્બરમાં વ્યાજદર વધારી શકે. અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણીઓ અગાઉ મોંઘવારી ન ઘટે, એફોર્ડેબીલીટી ક્રાઈસીસ કાબુમાં ન આવે તો ફેડ રેટકટની સ્થિતીમાં નહી જ હોય.

ઓલ્ટરનેટિવ એસેટની વાત કરીએ તો હોરમુઝ તનાવ વધતા બીટકોઈનમાં ઘટયા ભાવતી રીકવરી આવી છે. બીટકોઈન ૬૦૦૦૦થી સુધરીને ૬૪૦૦૦ ડોલર આવ્યો છે. જો કે આ ઉછાળા તકલાદી છે. એકંદરે બીટકોઈન ૧૨૫૦૦૦ના ટોપથી અંદાજે ૫૦ ટકા તૂટી ગયો છે. અન્ય સેફ હેવન એસેટ સોનાચાંદીમાં પણ ઉછાળે વેચવાલી આવતી રહે છે. લંડન હાજર સોનું જાન્યુઆરી ૫૬૦૦ ડોલર હતું તે હાલ ૪૧૭૦ ડોલર થઈ ગયું છે. લોકલ એમસીએકસ સોનું ૧૮૩૦૦૦થી ઘટીને ૧૪૬૦૦૦ થયું છે. લંડન હાજર ચાંદી વધીને ૧૨૦ ડોલર હતી તે ઘટીને ૬૬ ડોલર થઈ છે. લોકલ એમસીએકસ ચાંદી ૪.૨૦ લાખથી ઘટીને ૨.૪૪ લાખ થઈ છે. હાજર બજારમાં ઘરાકીનો વસવસો છે. મેટલ બજારમાં પણ સુસ્તી છે. ચીનમાં મેન્યુ સ્લોડાઉન અને રીઅલ એસ્ટેટમાં લાંબા સમયથી મંદી હોઈ તેમજ યુક્રેન વોર-ઈરાનવોર, ટેરિફવોર જેવા કોઈને કોઈ અંતરાયો આવતા હોઈ ચીનમાં મેન્યુફેકચરીંગ રિસેસન દેખાય છે. યુરોપનું સ્ટેગફલેશન, અમેરિકાનો ફુગાવો, ચીનમાં સ્લોડાઉનથી મેટલ બજારોમાં પણ ધીમો ઘસારો છે. ગલ્ફમાં રીઅલ એસ્ટેટ બુમ પુરી થઈ ગઈ છે. કોપર,ઝિંક, એલ્યુમિનિયમમાં ધીમો ઘસારો છે. ભાવો ઘટાડા તરફી છે. એનર્જી સેગમેન્ટમાં નાયમેકસ ક્રુડના ભાવ ૧૦૯ ડોલરથી ઘટીને ૭૮, એમસીએકસ ક્રુડના ભાવ ૧૧૦૦૦થી ઘટીને ૭૧૦૦ થઈ ગયા છે. નેચરલ ગેસમાં નીચા ભાવની મંદી અટકી ભાવ ૩૦૦ આસપાસ સ્ટેબલ થયા છે.

સ્થાનિક એગ્રીકોમોડિટીઝમાં તેલીબીયાં-તેલ અને કોટનમાં તેજી છે. ચોમાસામાં વિલંબ, અલનીનોની આશંકાએ સોયાતેલ-રાયડાતેલ મજબૂત છે. કેટલફીડ- કોટનમાં સુધારો છે. ધાણા-ગવાર-હળદર જેવા વેધર સેન્સિટીવ બજારોમાં તેજી છે.

# 2026માં સોનાના ભાવ અત્યાર સુધીમાં 4 ટકા ઘટ્યા, છતાં મધ્યસ્થ બેંકો સોનાનો જથ્થો વધારી રહી છે

સોનાના ભાવ હાલમાં દબાણ હેઠળ છે, જે ૨૦૨૫માં ૬૫% નું શાનદાર વળતર આપ્યા બાદ આ વર્ષે અત્યાર સુધીમાં ૪% ઘટ્યા છે. જો કે, આ ટૂંકા ગાળાની નબળાઈ છતાં, મધ્યસ્થ બેન્કિંગ સમુદાયમાં સેન્ટિમેન્ટ ચોક્કસપણે ઉત્સાહજનક છે. અપેક્ષાઓ આગામી ૧૨ મહિનામાં સોનાની સતત ખરીદી તરફ ઈશારો કરે છે, જે બદલાતી ભૂરાજકીય અને મેક્રોઈકોનોમિક સ્થિતિ વચ્ચે સોનાની વ્યૂહાત્મક ભૂમિકામાં સતત વિશ્વાસ દર્શાવે છે.

ભૂરાજકીય અને આર્થિક પરિદ્રશ્ય મોટા પડકારો ઉભા કરે છે, અને મૂળભૂત પરિબળોમાં નોંધપાત્ર ફેરફારો થયા વિના નજીકના ભવિષ્યમાં સોનાના ભાવમાં ઉછાળો આવવાની શક્યતા નથી. આગામી સમયના મુખ્ય પડકારોમાં ઈરાન યુદ્ધના કારણે તેલના ભાવમાં વધારો, મજબૂત ડૉલર અને ફુગાવાજન્ય વાતાવરણનો સમાવેશ થાય છે – આ તમામ પરિબળો યુએસ ફેડરલ રિઝર્વને વ્યાજ દરો ઊંચા રાખવા માટે પ્રેરિત કરે તેવી શક્યતા છે. જ્યાં સુધી ડૉલર નબળો નહીં પડે અને ફેડ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં નહીં આવે ત્યાં સુધી સોનાના ભાવ દબાણ હેઠળ રહેવાની ધારણા છે.

જો કે, આમાં એક આશાનું કિરણ પણ દેખાઈ રહ્યું છે. હોર્મુઝનો માર્ગ ફરીથી ખોલવા અંગે અમેરિકા-ઈરાન કરાર એ ઈરાન યુદ્ધના સંઘર્ષને ઉકેલવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે – જો કે તેનું પરિણામ હજુ અનિશ્ચિત છે. આ ટૂંકા ગાળાના અવરોધો હોવા છતાં, મધ્યસ્થ બેંકો




સોનાના લાંબા ગાળાના ભવિષ્યમાં પોતાનો વિશ્વાસ ગુમાવી રહી નથી. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મધ્યસ્થ બેંક ગોલ્ડ રિઝર્વ સર્વે ૨૦૨૬ અનુસાર, મધ્યસ્થ બેંકો સોનાને લઈને ખૂબ જ સકારાત્મક છે, જે અસ્થિર ભૂરાજકીય અને આર્થિક વાતાવરણ વચ્ચે તેના મહત્વને રેખાંકિત કરે છે. મિડલ ઈસ્ટ સંઘર્ષની શરૂઆત પછી મોટાભાગના જવાબો મળ્યા હોવાથી, આ વર્ષનો સર્વે ચાલુ ભૂરાજકીય અશાંતિ વચ્ચે મધ્યસ્થ બેંકર્સ સોનાને કેવી રીતે જુએ છે તેની સમયસર ઝાંખી આપે છે. આ આંકડા આ વિશ્વાસને સ્પષ્ટપણે દર્શાવે છેઃ ૮૪% મધ્યસ્થ બેંકો માને છે કે હવેથી પાંચ વર્ષ પછી કુલ અનામતમાં સોનાનો હિસ્સો મધ્યમ અથવા નોંધપાત્ર રીતે વધારે હશે – જે ગયા વર્ષે ૭૬% હતો. ૮૯% મધ્યસ્થ બેંકો માને છે કે સત્તાવાર સોનાનો ભંડાર સતત વધતો રહેશે. જો કે, એ નોંધવું યોગ્ય છે કે દરેક જણ આ માન્યતા ધરાવતા નથી. ૧૧% મધ્યસ્થ બેંકો માને છે કે કુલ અનામતમાં સોનાનું પ્રમાણ યથાવત રહેશે – જે ગયા વર્ષે ૫% હતું.

**ટૂંકા ગાળાના અવરોધો હોવા છતાં, મધ્યસ્થ બેંકો સોનાના લાંબા ગાળાના ભવિષ્યમાં પોતાનો વિશ્વાસ ગુમાવી રહી નથી. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મધ્યસ્થ બેંક ગોલ્ડ રિઝર્વ સર્વે ૨૦૨૬ અનુસાર, મધ્યસ્થ બેંકો સોનાને લઈને ખૂબ જ સકારાત્મક છે**

વિકસીત અર્થતંત્રો, ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રોમાં પ્રતિભાવો એકદમ સમાન હતા, જેમાં બંને જૂથોમાં બહુમતી એવી અપેક્ષા રાખે છે કે પાંચ વર્ષમાં સોનામાં રાખવામાં આવતી કુલ અનામતનું પ્રમાણ મધ્યમ સ્તરે વધારે હશે.

મોટાભાગના ઉત્તરદાતાઓને અપેક્ષા નહોતી કે આગામી ૧૨ મહિનામાં તેમના સોનાના ભંડારમાં નોંધપાત્ર ફેરફાર થશે. ૪૫% ઉત્તરદાતાઓએ વિચાર્યું કે આગામી વર્ષમાં તેમની પોતાની સંસ્થાનો સોનાનો ભંડાર વધશે – જે ગયા વર્ષના ૪૩% ના તારણની અનુરૂપ છે. આ મધ્યસ્થ બેંકોના પોતાના અનામતમાં સોનું ઉમેરવાની અપેક્ષા રાખતા પ્રમાણમાં એક નવો રેકોર્ડ હાઈ દર્શાવે છે, જેમાં EMDE બેંકો તેમના અદ્યતન અર્થતંત્રના સમકક્ષો કરતાં આગળ છે.EMDE ઉત્તરદાતાઓમાંથી, લગભગ અડધા લોકોએ વિચાર્યું કે આગામી ૧૨ મહિનામાં તેમનો પોતાનો સોનાનો

**કોમોડિટી વ્યૂ**

ભંડાર વધશે, જ્યારે બાકીના અડધા લોકોએ તે યથાવત રહેવાની ધારણા વ્યક્ત કરી હતી.

આ સર્વેક્ષણ મધ્યસ્થ બેંકોના સોનામાં સતત વિશ્વાસ પાછળના કારણોની પણ તપાસ કરે છે. જ્યારે સોનું રાખવાના તેમના નિર્ણયમાં સંબંધિત પરિબળો વિશે પૂછવામાં આવ્યું ત્યારે, ૯૦% મધ્યસ્થ બેંકોએ જણાવ્યું હતું કે કટોકટીના સમયમાં સોનાનું પ્રદર્શન અત્યંત સુસંગત છે. ૮૪% ઉત્તરદાતાઓએ સંકેત આપ્યો કે સોનાની 'મૂલ્યના સંગ્રહક' તરીકેની ભૂમિકા એક મહત્વપૂર્ણ પરિબળ હતું, જ્યારે ૮૩% લોકોએ સોનાના પોર્ટફોલિયો ડાયવર્સિફાયર (વિવિધતા લાવનાર) તરીકેના ગુણ તરફ ઈશારો કર્યો હતો. આ જવાબો વ્યૂહાત્મક અનામત સંપત્તિ તરીકે સોનાના આકર્ષણને મજબૂત કરે છે – જે ટૂંકા ગાળાના ભાવની વધઘટથી ઘણું પર છે.આ માન્યતા પાછળના આંકડા આશ્ચર્યજનક છે.

મધ્યસ્થ બેંકોએ પાછલા ચાર વર્ષોમાં દર વર્ષે સરેરાશ ૧,૦૦૦ ટન સોનાનો સંચય કર્યો છે – જે અગાઉના દાયકાની સરેરાશ ૫૦૦ ટન કરતાં નોંધપાત્ર રીતે વધુ છે. આ ખરીદીની ગતિ બમણી થઈ હોવાનું દર્શાવે છે, જે દર્શાવે છે કે મધ્યસ્થ બેંકો સોનાને વ્યૂહાત્મક સંપત્તિ તરીકે કેટલી ગંભીરતાથી લઈ રહી છે.

વૈશ્વિક મધ્યસ્થ બેંકોએ તેમના સોનાના હોલ્ડિંગમાં વધારો કર્યો છે, જે ૧૯૯૬ પછી પ્રથમ વખત યુએસ ટ્રેઝરીઝને વટાવી ગયો છે. સોનું હવે વિદેશી હૂંડિયામણ અનામતના ૨૦% નું પ્રતિનિધિત્વ કરે છે, જે તેને યુએસ ડૉલર (૪૬%) પછી બીજો સૌથી મહત્વપૂર્ણ એસેટ ક્લાસ બનાવે છે, અને તે યુરો (૧૬%) કરતાં આગળ છે. સપ્રદ વાત એ છે કે, મધ્યસ્થ બેંકો યુએસ ડૉલર અંગે ઘણી ઓછી આશાવાદી હતી.

ભલે ડૉલર વૈશ્વિક અનામત ચલણ તરીકે તેનું પ્રભુત્વ જાળવી રાખે છે, પરંતુ આઈએમએફ (IMF) ના ડેટા દર્શાવે છે કે તેનો હિસ્સો ધીમે ધીમે ઘટતો રહ્યો છે. અને મોટાભાગની મધ્યસ્થ બેંકો માને છે કે આ ટ્રેન્ડ ચાલુ રહેશે, જેમાં ૭૪% લોકો અપેક્ષા રાખે છે કે હવેથી પાંચ વર્ષ પછી ડૉલરનો હિસ્સો ઓછો હશે.

# માર્ચ-એપ્રિલમાં ભારતે LNG આયાત માટે રૂ. 2900 કરોડ વધુ ચુકવવા પડ્યા




પશ્ચિમ એશિયામાં વિક્ષેપોને કારણે ખરીદદારોને પરંપરાગત કતારના સપ્લાયના સ્થાને વધુ ખર્ચાળ યુએસ-લિંક્ડ અને સ્પોટ કાર્ગો ખરીદવાની ફરજ પડી હતી. આ કારણે ભારતે માર્ચ-એપ્રિલ દરમિયાન LNG આયાત માટે અંદાજે $૩૫૩ મિલિયન (આશરે ૨,૯૦૦ કરોડ રૂપિયા) અથવા ૨૦% થી વધુ રકમ વધારાની ચૂકવવી પડી છે.

LNG આયાતના વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૨૨.૯% નો ઘટાડો થયો હોવા છતાં આ વધારાનો નાણાકીય બોજ પડ્યો છે. અમેરિકા તરફથી આવતા સપ્લાય પર કતાર LNGની સરખામણીમાં પ્રતિ MMBtu $૨-૩ નો પ્રીમિયમ હતો. સત્તાવાર ડેટા દર્શાવે છે કે LNG આયાત જાન્યુઆરી-ફેબ્રુઆરીના ૪.૪૫ મિલિયન ટનથી ઘટીને માર્ચ-એપ્રિલમાં ૩.૪૩ મિલિયન ટન થઈ ગઈ હતી. જો કે, આયાત બિલમાં માત્ર ૭% નો ઘટાડો થયો હતો–જે $૨.૨૨ બિલિયનથી ઘટીને $૨.૦૬ બિલિયન થયું હતું. આ બાબત ખરીદી ખર્ચમાં થયેલા તીવ્ર વધારાને દર્શાવે છે. સરેરાશ LNG પ્રાપ્તિ ખર્ચ ૨૦.૬% વધીને પ્રતિ ટન આશરે $૪૯૯ થી વધીને લગભગ $૬૦૨

**કરન્ટ-ટોપિક**

થયો હતો. આ વધારો ભારતના LNG સોર્સિંગ બાસ્કેટમાં આવેલા નાટકીય બદલાવ સાથે સુસંગત છે.

કેપ્લર (Kpler)ના ડેટા અનુસાર, વર્ષની શરૂઆતમાં ભારતના સૌથી મોટા LNG સપ્લાયર એવા કતારમાંથી આયાત જાન્યુઆરીમાં ૧.૦૬ મિલિયન ટન અને ફેબ્રુઆરીમાં ૦.૭૫ મિલિયન ટનથી ઘટીને માર્ચમાં માત્ર ૦.૦૬ મિલિયન ટન થઈ ગઈ હતી, જે એપ્રિલ અને મે મહિનામાં ઘટીને શૂન્ય થઈ ગઈ હતી. બીજી તરફ, યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) માંથી આયાત જાન્યુઆરીમાં ૦.૧૪ મિલિયન ટન અને ફેબ્રુઆરીમાં ૦.૦૭ મિલિયન ટનથી વધીને માર્ચમાં ૦.૩૪ મિલિયન ટન, એપ્રિલમાં ૦.૨૮ મિલિયન ટન અને મે મહિનામાં રેકોર્ડબ્રેક ૦.૯૧ મિલિયન ટન થઈ ગઈ હતી. આ સાથે જ અમેરિકા તે મહિના દરમિયાન ભારતનું સૌથી મોટું LNG સપ્લાયર બની ગયું હતું.

મે મહિનામાં ભારતની કુલ LNG આયાતમાં અમેરિકાનો હિસ્સો ૪૧% થી વધુ હતો, જે જાન્યુઆરીમાં માંડ ૫% હતો. આ દર્શાવે છે કે પશ્ચિમ એશિયામાં વિક્ષેપો પછી ખરીદદારોને કેટલી ઝડપથી તેમના સપ્લાય સ્રોતોમાં વિવિધતા લાવવાની ફરજ પડી હતી.

સપ્લાયની આ ઘટને પૂરી કરવા માટે અન્ય ઉત્પાદક દેશો પણ આગળ આવ્યા હતા. નાઈજીરીયાથી આયાત જાન્યુઆરીમાં ૦.૨૮ મિલિયન ટનથી વધીને એપ્રિલમાં ૦.૪૮ મિલિયન ટન અને મે મહિનામાં ૦.૪૮ મિલિયન ટન થઈ હતી, જ્યારે ઓમાને એપ્રિલમાં ૦.૫૯ મિલિયન ટન સપ્લાય કર્યા બાદ મે મહિનામાં તે ઘટાડીને ૦.૩૦ મિલિયન ટન કર્યો હતો.

કેપ્લરના જણાવ્યા અનુસાર, "માર્ચ-મે દરમિયાન પરંપરાગત કટોકટી-પૂર્વેના કતારના કોન્ટ્રાક્ટ સપ્લાયની સરખામણીમાં યુએસ-લિંક્ડ LNG કાર્ગો પર સરેરાશ આશરે $૨-૩/MMBtu નું પ્રીમિયમ હોવાનો અંદાજ હતો.

કટોકટીની શરૂઆતમાં આ પ્રીમિયમ સૌથી વધુ હતું અને ત્યારપછી શિપિંગ માર્કેટ સ્થિર થતાં તે ઘટ્યું હતું. કેપ્લરે ઉમેર્યું કે વૈકલ્પિક LNG ખરીદી ઘણી વધુ મોંઘી હતી, જેમાં તે સમયગાળા દરમિયાન ભારત માટે સ્પોટ LNGના સરેરાશ ભાવ $૧૭-૨૦/MMBtu ની આસપાસ રહ્યા હતા. એનાલિટિક્સ ફર્મે વધુમાં નોંધ્યું છે કે PPAC ડેટા દર્શાવે છે કે ભારતનો અંદાજિત LNG આયાત ખર્ચ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં લગભગ $૯.૬/MMBtu થી વધીને માર્ચ-એપ્રિલમાં આશરે $૧૧.૮-૧૧.૯/MMBtu થયો હતો, જે આશરે ૨૨-૨૪% નો વધારો દર્શાવે છે. ઊંચા નૂર દરો, વોર-રિસ્ક ઈન્સ્યોરન્સ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં થયેલો વધારો આ માટે જવાબદાર હતો, પરંતુ મુખ્ય કારણ વૈકલ્પિક સ્પોટ LNG કાર્ગોની ઊંચી કિંમત હોવાનો અંદાજ છે. આ વધેલા ભાવો ફર્ટિલાઈઝર, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન અને પાવર જનરેશન જેવા મુખ્ય ગેસ-વપરાશકર્તા ક્ષેત્રો પર સતત બોજ વધારી રહ્યા છે.

ઈન્ડિયન ગેસ એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ રાજેશ કુમાર મેદિરાત્તાએ જણાવ્યું હતું કે, એશિયન સ્પોટ LNG ભાવો પશ્ચિમ એશિયાની કટોકટી દરમિયાન જોવા મળેલી ટોચની સપાટીથી કદાચ થોડા ઓછા થયા હશે, પરંતુ $૧૮-૨૦ પ્રતિ MMBtu ના સ્તરે તે હજુ પણ $૧૦-૧૨ ના ઐતિહાસિક સ્તરો કરતાં ઘણા ઊંચા છે. આનો અર્થ એ છે કે ખરીદદારો હજી પણ લગભગ ૫૦-૭૦% પ્રીમિયમ ચૂકવી રહ્યા છે, જે ફર્ટિલાઈઝર, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન અને વીજ ઉત્પાદન જેવા કિંમતો પ્રત્યે સંવેદનશીલ ક્ષેત્રો માટે ખાસ કરીને પડકારજનક છે. બજાર ભૂરાજકીય પરિસ્થિતિઓ અને વૈશ્વિક શિપિંગ રૂટોમાં આવતા વિક્ષેપો પ્રત્યે ખૂબ સંવેદનશીલ છે. કેપ્લરે જણાવ્યું હતું કે ભારતની વૈવિધ્યકરણ વ્યૂહરચનાથી કોઈપણ એક સપ્લાયર અથવા શિપિંગ રૂટ પરની નિર્ભરતા ઘટી છે અને ઊર્જા સુરક્ષામાં સુધારો થયો છે, પરંતુ સાથે એ પણ નોંધ્યું કે વૈકલ્પિક સપ્લાય પરંપરાગત કતારના કોન્ટ્રાક્ટ વોલ્યુમ કરતાં વધુ મોંઘો હોઈ શકે છે, ખાસ કરીને બજારના વિક્ષેપો અને ઊંચા નૂર તેમજ લોજિસ્ટિક્સ ખર્ચના સમયગાળા દરમિયાન.

**ભારતના સૌથી મોટા LNG સપ્લાયર એવા કતારમાંથી આયાત જાન્યુઆરીમાં 1.06 મિલિયન ટન અને ફેબ્રુઆરીમાં 0.75 મિલિયન ટનથી ઘટીને માર્ચમાં માત્ર 0.06 મિલિયન ટન થઈ ગઈ હતી, જે એપ્રિલ અને મે મહિનામાં ઘટીને શૂન્ય થઈ ગઈ હતી. અમેરિકાથી આ આયાત વધારવી પડી હતી અને આ આયાત કિંમત અને પરિવહનની રીતે વધુ મોંઘી પડી હતી**

# ફેડને ગંભીરતાથી લેતા ડોલર, સોનુ અને બિટકોઈન, પણ શેરબજારમાં ઉછળકૂદ

એકબાજું ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધ શાંતિ તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર જાળવી રાખ્યો છે, પણ ઘટાડાની તરફેણમાં નહોવાના વલણના લીધે ડોલર, સોના, અને બિટકોઈનમાં અસર જોવા મળી હતી. બીજી બાજું શેરબજારમાં ઉછળકૂદ જોવા મળી હતી, કેમ કે, ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામના કરારની અસર હતી.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન સાથેના સોદાથી ઈસ્લામિક રિપબ્લીક 2018 પછી પ્રથમ વખત ખુલ્લા બજારમાં તેના ક્રુડ અને ડિઝલ જેવા ઈંધણ વેચવાની મંજુરી મળી છે. આ સપ્તાહે ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસુદ પેઝેશ્કિયન દ્વારા હસ્તાક્ષર કરાયેલા આ કરાર ઈરાનને તરત જ તેનું ઓઈલ વેચવાનું શરૂ કરશે, પ્રતિબંધો માફ કરશે અને વ્યવહારો સરળ બનાવવા માટે બેન્કીગ, પરિવહન અને વીમા જેવી વ્યવસ્થા ઉભી થશે.

યુદ્ધ વિરામના કરારના અહેવાલ બાદ શેરબજારમાં ઝડપી ઉછાળો આવ્યો હતો, પણ તેની સાથે સોના-બિટકોઈન અને ડોલરમાં જે મજબૂતાઈ જોવા મળવી જોઈએ તે જોવા મળી નહતી. તેનું કારણ ફેડરલ રિઝર્વની નીતિગત મીટીંગ માનવામાં આવી રહી છે.

ફેડરલ રિઝર્વના ચેરમેન તરીકે કેવિન વોર્શની પ્રથમ મીટિંગથી શેરો ઝડપથી આગળ વધી શકે છે. પરંતુ બજારોના અન્ય ભાગો કેન્દ્રીય બેંકની આ ગતિવિધિને વધુ ગંભીરતાથી લઈ રહ્યા છે.

વોર્શની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ પછી બુધવારે 1.2 ટકા ઘટ્યા પછી એસ એન્ડ પી 500 ગુરૂવારે 1.1 ટકા વધ્યો હતો. ટેક-હેવી નાસ્ડેક કમ્પોઝિટને ફેડ મીટિંગને દૂર કરવામાં વધુ સરળ સમય હતો. 1.3 ટકાના ઘટાડા પછી પાછલા સત્રમાં 1.9 ટકાનો ઉછાળો રહ્યો હતો.

સેન્ટ્રલ બેંકના આર્થિક અંદાજો દર્શાવે છે કે 18 નીતિ નિર્માતાઓમાંથી 9 હવે આ વર્ષે ઊંચા વ્યાજ દરની અપેક્ષા રાખે છે. ફેડ હવે વ્યાજદરમાં ઘટાડો જોતો નથી. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધનો અંત લાવવા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે ઈરાન સાથે કરાર પર હસ્તાક્ષર કરવાથી શેરબજારમાં ઉછાળો આવવામાં મદદ મળી છે.

**ઈરાન-અમેરિકાના કરારથી 2018 બાદ ઈરાની શીપમેન્ટને ખુલ્લા બજારમાં મંજુરી મળી**

પરંતુ બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો



કરન્સી પાછા ઉછળવામાં નિષ્ફળ નીવડ્યા હતા. તેમ છતાં, ઘણી વાર ટેક સ્ટોક્સ સાથે મળીને આગળ વધતા હોવા છતાં. કોઈનડેક્સના ડેટા અનુસાર, બિટકોઈન શુક્રવારે શરૂઆતમાં 62369 ડોલર પર ટ્રેડ કરી રહ્યો હતો, જે છેલ્લા 24 કલાકમાં 2.6 ટકા ઘટ્યો હતો. તે સોમવારે 67000 ડોલરની ઉપર ટ્રેડ કરી રહ્યો હતો.

ઊંચા વ્યાજ દરો ક્રિપ્ટો કરન્સીને નુકસાન પહોંચાડે છે, જે તેમને ઉપજ ધરાવતા રોકાણો કરતાં પ્રમાણમાં ઓછા આકર્ષક બનાવે છે.

સોનાના ભાવમાં પણ ફટકો પડ્યો છે, વાયદો 1.8 ટકા ઘટીને 4172.60 ડોલર પ્રતિ ઔંસ થયો છે. ફરીથી, સોનું એક બિનઉપજ સંપત્તિ છે, જ્યારે મજબૂત ડોલર કિંમતી ધાતુની કિંમત પર પણ અસર કરી રહ્યું છે. તે અઠવાડિયાની શરૂઆતમાં 4350

**વર્લ્ડ ઈકોનોમી**

ડોલરની ઉપર ટ્રેડ કરી રહ્યો હતો.

ગોલ્ડમેન સાક્સના વિશ્લેષકોએ આ વર્ષે કોઈ દરમાં ઘટાડો ન કરવાની ધારણા પર ગત સપ્તાહમાં સોનાના ભાવ માટેની તેમની આગાહીમાં ઘટાડો કર્યો હતો.